ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પ્રથમ દિવસે પ્રાથમિકમાં કન્યાઓના પ્રવેશનો દબદબો

## માધ્યમિક શાળામાં કુમારોના પ્રવેશનો દબદબો જ્યારે આંગણવાડીમાં કુમાર-કન્યા સરખેસરખા રહ્યા

ગાંધીનગર, તા.૮

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજથી શરૂ થયેલા ત્રિદિવસીય પ્રવેશોત્સવના પ્રથમ દિવસે પ્રાથમિક શાળામાં કન્યાઓના પ્રવેશનો દબદબો રહ્યો તો માધ્યમિકમાં કુમારોના પ્રવેશનો દબદબો રહ્યો અને આંગણવાડીમાં કુમાર-કન્યા બે લગભગ સરખે સરખો પ્રવેશ મેળવ્યો છે.

ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જિલ્લામાં ઉત્સાહનો અભાવ લોકોમાં જોવા મળ્યો હતો. જો કે દાનની સરવાણીની પરંપરા ગ્રામ્ય વિસ્તારમાં જળવાઈ રહી છે. આજે પ્રથમ દિવસે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના પ્રવેશ કાર્યક્રમમાં ત્રણ સનદી અધિકારીઓ અગત્યના રોકાણોને લઈ હાજર રહી શકયા ન હતા અને તેને બદલે કલેકટર ડીડીઓને ત્યાં હાજર રહેવું પડયું હતું અને પ્રવેશોત્સવ ઉજવાયો હતો.



પ્રથમ દિવસે જિલ્લાની ૧૮૫ પ્રા. શાળા અને ૪૬ પ્રા. શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી થઈ હતી. જેમાં ૭૫ જેટલા મહાનુભાવોએ હાજરી આપી હતી.

પ્રાથમિકમાં ૧૭૭૭ કુમાર અને ૧૯૩૩ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો. જેમાં ૩ બાળકોનો પુનઃ પ્રવેશ નોંધાયો છે. ધો-૯માં ૩૯૧૨ કુમાર અને ૨૬૨૪ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. આજે પ્રથમ દિવસે ૨૧ વિકલાંગ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. જેમાં માણસામાં સૌથી વધુ ૮ બાળકોએ, દહેગામમાં ૪ બાળકોએ અને ગાંધીનગર-કલોલમાં ૩-૩- બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ૩ લાખ રૂ.ના રોકડ દાન જિલ્લા શિક્ષણતંત્રને પ્રાપ્ત થયા છે. જયારે ૧૫,૭૯,૧૨૭ની વસ્તુઓ દાન સ્વરૂપે મળતાં તંત્રના ઉત્સાહમાં વધારો થયો છે.

આજે પ્રવેશોત્સવ દરમિયાન વયવંદનાના કાર્યક્રમને પણ સાંકળવામાં આવ્યો હતો. જો કે બપોર પછી માધ્યમિક શાળાઓમાં યોજાયેલા પ્રવેશોત્સવનો લઈ વાલીઓ-વિદ્યાર્થીઓ અને અધિકારીઓમાં પણ કચવાટની લાગણી જોવા મળી હતી.

જિલ્લામાં પ્રવેશોત્સવના આ પર્વને નિવૃત્ત શિક્ષકોને જોડવાના અભિગમને સારો પ્રતિસાદ સાંપડયો હતો. ઘણા બધા ગામોમાં ભાજપના સ્થાનિક આગેવાનોની ગેરહાજરી જણાઈ હતી જયારે કોંગેસના આગેવાનોની સક્રિયતા જોવા મળી હતી. બક્ષીપંચની બાળાઓ એ પ્રવેશમાં અગ્રેસર રહી છે.

જિલ્લામાં પ્રવેશોત્સવને લઈ શાળામાં વૃક્ષારોપણનો પણ નાનકડો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં પોલિસને સ્ટેન્ડ-ટુના આદેશ

## મહેસાણાના પાટીદાર યુવકના કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં સ્થિતિ તંગ ન બને તે માટે હાઈવે પર અસરકારક પેટ્રોલીંગ પણ શરુ કરાયું

ગાંધીનગર, તા.૮

મહેસાણા પાટીદાર યુવક કેતન પટેલની કસ્ટોડીયલ ડેથ પ્રકરણથી મહેસાણા સહિત ઉત્તર ગુજરાત વિસ્તારમાં વાતાવરણ તંગ બન્યું છે. ઉત્તર ગુજરાત બંધના એલાન આપ્યા બાદ કડા નજીક એક બસ સળગાવવામાં આવતા પરિસ્થિતિ વધુ તંગ બની છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના સંવેદનશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારોમાં પોલિસને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત હાઈવે પર પણ અસરકારક પેટ્રોલીંગ શરુ કરી દઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પાટીદાર યુવકની કસ્ટોડીયલ ડેથ મામલે ઉત્તર ગુજરાતનો માહોલ તંગ બન્યો છે. પાટીદાર યુવકને ન્યાય અપાવવા એસપીજી સહિતના સંગઠનો મેદાનમાં આવ્યા છે અને આજે ઉત્તર ગુજરાત બંધનું એલાન આપી આવેદન પત્ર પાઠવવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતમાં પરિસ્થિતિ બેકાબુ ન બને તે માટે ગાંધીનગરથી પોલીસને બંદોબસ્ત માટે મહેસાણા મોકલવામાં આવ્યા છે તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં પણ કયાયં અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી માટે સંવેદનશીલ વિસ્તારોમાં પોલિસને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. સ્ટેટ અને નેશનલ હાઈવે પર બસ સળગાવવા સહિતના કિસ્સાઓ ન બને તે માટે અસરકારક પેટ્રોલીંગ કરવા જિલ્લા પોલિસ વડાએ આદેશ આપી પેટ્રોલીંગ સઘન બનાવ્યું છે. નોંધનીય બાબત છે કે કડા વિસ્તારમાં એસ.ટી. બસ સળગાવવામાં આવતા મહેસાણા રૂટની બસોને ગાંધીનગર ડેપો દ્વારા બપોર પછી બંધ કરવામાં આવી હતી.




વડ સાવિત્રીનું વ્રત - પતિના આયુષ્ય માટે પત્ની દિવસભર ઉપવાસ કરે અને વડનું પૂજન કરે... એવા અનોખા વ્રતનો મહિમા ભારતીયસંસ્કૃતિમાં હંમેશા અગ્રસ્થાને રહ્યો છે... ભારતીય નારીને નારાયણી એટલા માટે જ કહેવાય છે કે પરિવારના કલ્યાણ માટે જીવન સમર્પિત કરે છે... જીવનની આચારસંહિતાનું ડગલે ને પગલે અમલ કરતી નારી ભારતીય સમાજ જીવનનમાં લક્ષ્મી સ્વરૂપા મનાય છે... તપ અને વ્રતથી નારીનું સ્થાન કેન્દ્રમાં રહ્યું છે... વડની પૂજા કરી સુતરના તાંતણે પતિના સ્વાસ્થ્ય અને આયુષ્ય માટે પ્રાર્થના કરવાની ભાવના સાથે વડ સાવિત્રીનું વ્રત ભારે ઉલ્લાસપૂર્વક ગાંધીનગરમાં ઉજવાયું હતું... ગાંધીનગરની મહિલાઓએ મોટી સંખ્યામાં પૂજન - અર્ચન કરી વ્રતમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી...

# આગામી ૩૦મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૯ અને ૩૦ જૂનના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

૨૯મીએ રાત્રે વડાપ્રધાન ગાંધીનગર આવી પહોંચશે. ૩૦મીએ સવારે સે. ૧૭ના એક્ઝીબીશન સેન્ટર ખાતે ભારત સરકારના ઉપક્રમે ઓલ ઈન્ડિયા હેન્ડીક્રાફટ્સ એક્ઝીબીશનનું ઉદ્‌ઘાટન કરશે અને ત્યાંથી મહાત્મા મંદિર જઈ હેન્ડીક્રાફટ્સ મીટને ખુલ્લી મુકશે.



આ પછી તેઓ નવી દિલ્હી જવા રવાના થશે. વડાપ્રધાનના આ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તાડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. આ એક્ઝીબીશન સૌથી મોટુ હેન્ડીક્રાફટ્સનું એક્ઝીબીશન હશે. ટેક્ષટાઈલ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ આ પ્રદર્શન તૈયાર કરવામાં આવનાર છે. એક્ઝીબીશન સેન્ટર ખાતે આ અંગેની તૈયારીઓ પણ આરંભાઈ ચુકી છે.

# સીઆરપીએફમાં હવે તજજ્ઞોની ટીમ કમળાના કેસોના મુદ્દે તપાસ કરશે

ગાંધીનગર, તા. ૮

સીઆરપીએફમાં મળેલા કમળાના કેસોને લઈ તંત્રએ મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમને જઈ તપાસ કરી અહેવાલ આપવા જણાવ્યું છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણીએ જણાવ્યુ છે કે અમે તજજ્ઞોની ટીમ મોકલવા માટે મેડીકલ કોલેજને પત્ર લખી જાણ કરી છે અને હવે ત્યાં તજજ્ઞોની ટીમ તપાસ માટે જશે. તેમણે જણાવ્યુ હતુ કે કેમ્પસમાં નવી પાઈપ-લાઈન નંખાઈ ગઈ છે. આ ઉપરાંત નવો આર.ઓ પ્લાન્ટ પ્લાન્ટ પણ કાર્યરત થઈ ગયો છે.

સીઆરપીએફ કેમ્પસમાં ૧૦૦થી વધુ જવાનો કમળાના રોગચાળામાં ફસાયા છે. અહિ નિષ્ણાંતોની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના આરોગ્ય તંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ કેમ્પની મુલાકાત લીધી હતી. આ પછી તાજેતરમાં આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા તજજ્ઞોની ટીમ તપાસ માટે બોલાવવી જોઈએ તેવી સૂચના મળતાં તંત્રએ મેડીકલ કોલેજને પત્ર લખીને તજજ્ઞોની ટીમ મોકલવા જણાવ્યુ છે. હવે તજજ્ઞોની ટીમ ત્યાં જઈ તપાસ કરશે.

ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે જે લીકેજીસ મળ્યા હતા તે પણ દુરસ્ત થઈ ગયા છે. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનુ પણ તેમણે કહ્યું હતું.

# ગાંધીનગર મોડી સાંજે વરસાદી માહોલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં જેની કાગડોળે રાહ જોવાય છે એવા મેઘરાજાની પધરામણી ગુરૂવારે પણ ન થઈ. જોકે મોડી સાંજે વાદળો ગોરંભાયા હતા. અને પવન પણ સુસવાટાબંધ લહેરાતો હતો. સૌના મનમાં આશા હતી કે એકાદ ઝાપટું પડશે અને ઠંડક અનુભવાશે પરંતુ આશા ઠગારી નિવડી હતી. પવનમાં વાદળો ખેંચાઈ જતા એક પણ ટીપું વરસાદ પડ્યો ન હતો.

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખુબ ખુબ આભાર.
તા. ૧૦-૬-૨૦૧૭ના રોજ કાર્યક્રમનાં સ્થળે પણ સભ્યપદ મેળવી શકાશે.
(૨) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ- ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૩) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે છ કાર્યક્રમો અપાયા હતા.

૨૦૧૭-૧૮ ના વર્ષનું સભ્યપદ કાર્યક્રમના સ્થળે મેળવીને પણ આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.

'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ-રાજેશ વૈશ્નવ-ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના ફિલ્મ 'બાબુલ' થી 'રામ રતન ધન પાયો' સુધીના સદાબહાર સમુહ(Chorus) ગીતોની રજુઆત

'મૌસમ બીતા જાય'

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૨૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૭૦૦/- (વાર્ષિક)

તારીખઃ ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | સમયઃ રાત્રે ૯-૧૫ | સ્થળઃ ટાઉન હોલ, ગાંધીનગર

રાજેશ વૈશ્નવ, હિરેન વૈશ્નવ, હરિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સંગતી મહેતા, ભૂમિ મહેતા, માધુરી વૈશ્નવ, સુરભી પરમાર

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, છઠ્ઠો માળ, ફોનઃ૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પ્લેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ०૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ००००४ શ્રી પરાગ શુકલ (મો) ૯૯૭૯૪૦૫૯૪૩ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૦૧૫૧૪૩૬
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૦૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯ | રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેકટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

# ગાંધીનગર ડેપોથી ઉત્તર-ગુજરાતની ૫૦ ટ્રીપ રદ કરાઈ

## વિસનગર પાસે બસ સળગાવતા બપોર બાદ મહેસાણા, વિસનગર, વિજાપુર તરફનો વાહન વ્યવહાર તંત્ર દ્વારા બંધ કરાયો



ગાંધીનગર, તા.૮

પાટીદાર યુવકના કસ્ટોડીયલ ડેથને કારણે મહેસાણા જિલ્લામાં પરિસ્થિતિ તંગ બની જવા પામી છે. આજે મહેસાણા અને વિસનગરમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ત્યારે વિસનગર- બાપુનગર બસને કડા પાસે તોફાની તત્વોએ આગચંપી કરી હતી. બસને આગચંપી કરતા બસ બળીને ખાક થઈ ગઈ હતી. જેને પગલે એસટી તંત્ર દ્વારા ઉતર ગુજરાતની સાથે મહેસાણા, વિસનગર તરફ જતી બસને થંભાવી દેવાની સુચના આપવામાં આવતા તમામ બસોને ગાંધીનગર ડેપોમાં અટકાવી દેવામાં આવી હતી. જયારે અમદાવાદથી મહેસાણા તરફ જતી બસોને અડાલજ ખાતે રોકી દેવામાં આવી હતી. ગાંધીનગર એસટી ડેપોમાં ૫૦ થી વધુ બસોને તંત્ર દ્વારા રોકી દેવાતા હજ્જારો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો

● અનુસંધાન પાન-૭ પર

# સ્વ. ગોપલાણીનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો

## અહમદ પટેલ, શંકરસિંહ વાઘેલા સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના અગ્રણી વેપારી લાલચંદ ગોપલાણીના ગઈકાલે થયેલા દુઃખદ અવસાન બાદ આજે સવારે તેમના નિવાસસ્થાનેથી નીકળેલી સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં શહેરના વેપારીઓ, કર્મચારી આગેવાનો, રાજકીય પક્ષોના અગ્રણીઓ તેમજ સહકારી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. ગોપાલાણીના નશ્વરદેહને તેમના પુત્રોએ સે. ૩૦ ખાતે અગ્નિદાહ આપ્યો હતો. સિંધુધામના ટ્રસ્ટી તરીકે તેમની સેવાઓને યાદ કરી આજે સિંધી સમાજના આગેવાનોએ પણ સ્વર્ગસ્થને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ પણ સ્વર્ગસ્થને આજે શ્રદ્ધાંજલિ અર્પી હતી. વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને રાજ્યસભાના સાંસદ અહમદ પટેલ પણ સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી છે. આ ઉપરાંત પ્રદેશ પ્રમુખ ભરતભાઈ સોલંકી, પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરી, નિશીથ વ્યાસ, હિમાંશુ પટેલ સહિતના નેતાઓએ પણ શ્રદ્ધાંજલિ આપી છે.

અહમદ પટેલે તેમના પરિવારને પાઠવેલા શોક સંદેશામાં જણાવ્યુ છે કે સ્વ. ગોપલાણી સતત લોકસંપર્ક રાખનાર સરળ વ્યક્તિત્વ હતુ. ગાંધીનગરની સ્થાપના અને ત્યારબાદ વિવિધ જુદી જુદી ઘટના અને પ્રગતિના તેઓ એક સાક્ષી રહ્યા હતા. ગુજરાત અને ગાંધીનગર જિલ્લાએ કોંગ્રેસનો એક અદનો સેવક ગુમાવ્યો છે. કોંગ્રેસના પાયાના કાર્યકર અને ગુજરાત કોંગ્રેસના સિનીયર આગેવાન લાલચંદભાઈના અવસાનથી માત્ર ગાંધીનગર જ નહિ ગુજરાત કોંગ્રેસને ખોટ પડી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com